**હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)**

**નીતિ અને વિધિ FI8**

| | |
|---|---|
| **વિષય:**<br>વસૂલીની નીતિ | **અમલી તારીખ:**<br>જાન્યુઆરી 1, 2016 |
| **લાગુ પડે છે:**<br>હૉસ્પિટલો અને ફિઝિશિયન સંગઠન (PO) | **સુધારો/સમીક્ષા કર્યાની તારીખ:**<br>જાન્યુઆરી 1, 2016 |
| **ઉદભવનો વિસ્તાર:**<br>રેવન્યુ સાયકલ કાઉન્સિલ (Revenue Cycle Council) | **નિયત સમીક્ષા તારીખ:**<br>જાન્યુઆરી 1, 2019 |

## I. નીતિ

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) દ્વારા આપવામાં આવતી તબીબી સંભાળ માટે દર્દીઓની જે રકમ બાકી હોય (ઋણ) તે વ્યવસાયિક, વિનમ્ર રીતે અને સમયસર વસૂલ કરવી એ હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની નીતિ છે. આવા ઋણની ચૂકવણી માટે જેઓ 100% નાણાંકીય સહાયતાના વળતર માટે પાત્ર થયા નથી તેવા હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ના બધા દર્દીઓ માટે સમાન માપદંડ અને વિધિઓનું પાલન કરવામાં આવશે. નીતિ એવા પગલાંને સ્થાપિત કરે છે જે વસૂલી કરનાર ત્રાહિત એજંસીઓ દ્વારા લેવામાં આવતા પગલાં સહિત ઋણની ચૂકવણી ન થઈ હોય તેવા કિસ્સામાં લેવામાં આવશે. હ્યુસ્ટન મેથડિસ્ટ કોઈપણ સમયે અસાધારણ વસૂલીની કાર્યવાહી લાદશે નહીં, જેમ કે વેતન ઋણાનુબંધ, પ્રાથમિક રહેઠાણો પર વ્યક્તિગત પૂર્વાધિકાર, ક્રેડિટ બ્યુરો સૂચના અથવા અન્ય કાનૂની કાર્યવાહીઓ. આ નીતિ પાછળના માર્ગદર્શક સિદ્ધાંતો એ બધા દર્દીઓ સાથે ગરિમા અને આદર સાથે વ્યવહાર કરવાનો અને યોગ્ય બિલિંગ અને વસૂલીની વિધિઓ પારદર્શક અને સમાન રીતે કરવામાં આવે તેની ખાતરી કરવાનો છે.

## II. વ્યાખ્યાઓ

A. સ્વ-ચૂકવણી - જેઓ વીમા આરક્ષિત ન હોય અને ચૂકવણી માટે પૂરી રીતે જવાબદાર હોય તેવા દર્દીઓ, આ રકમને સ્વ-ચૂકવણી કહે છે.
B. વીમા બાદનું બેલેન્સ - જેઓ વીમા આરક્ષિત હોય અને બેલેન્સનો એવો હિસ્સો હોય જે તેમણે ચૂકવવો જ પડે (દા.ત. કપાતપાત્ર, સહ-વીમો, સહ-ચૂકવણી) આ રકમ વીમા બાદનું બેલેન્સ કહેવાય છે.
C. દર્દીની જવાબદારી - સ્વ-ચૂકવણી અને વીમા બાદના બેલેન્સની એ બંને સહિત દર્દી દ્વારા ચૂકવવામાં આવતી કોઇપણ રકમ.
D. નાણાકીય સહાયતા - જેઓ વીમા આરક્ષિત નથી, અપૂરતો વીમો ધરાવે છે, સરકારી સ્વાસ્થ્યસંભાળ લાભ કાર્યક્રમ માટે લાયક નથી અને જેઓ નાણાકીય જરૂરિયાત અને સાધનોના પરીક્ષણના નિર્ધારણ પર આધારિત તેમની સંભાળ માટે ચૂકવણી કરવા સક્ષમ નથી તેવા દર્દીઓને ઉપલબ્ધ ડિસ્કાઉન્ટ.
E. ખરાબ ઋણ - પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટના 120 દિવસોની અંદર વસૂલવામાં આવી ન હોય તેવી દર્દી પાસેથી બાકી નીકળતી રકમ.
F. વસૂલી કરનાર ત્રાહિત એજંસી - બહારની એજંસી જે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) તરફથી તેમની કંપનીના નામે ખરાબ ઋણના ખાતાઓ માટેની રકમ એકત્ર કરે છે.

III. બિલિંગ વિધિઓ

A. તબીબી સંભાળ પૂરી પાડવામાં આવે તે પહેલાં કે તે સમયે તબીબી સંભાળ માટે દર્દીની કોઇપણ જાણીતી જવાબદારી માટે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) ચૂકવણીની વિનંતી કરી શકે (ઈમર્જન્સી સંભાળ સિવાય). ઈમર્જન્સી સંભાળના સંદર્ભમાં હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) સંભાળ પૂરી પાડવામાં આવ્યા બાદ ચૂકવણીની કોઇપણ જાણીતી જવાબદારી માટે ચૂકવણીની વિનંતી કરી શકે છે.
B. તબીબી સંભાળ પૂરી પાડવામાં આવે તે સમયે દર્દી હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ને ચૂકવણી કરી ન હોય તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) સ્વ-ચૂકવણીવાળા દર્દીને સંભાળ પૂરી પાડવામાં આવ્યા બાદ તરત તેમની દર્દી તરીકેની જવાબદારી માટે દર્દીને બિલ મોકલશે અને વીમા આરક્ષિત દર્દીઓ માટે તેમનો વીમો ચૂકવાઈ ગયા બાદ તેમના બેલેન્સ માટે દર્દીને બિલ મોકલશે.

C. હ્યુસ્ટન મેથડિસ્ટ અગાઉના બીલની ચુકવણી નહિ થઇ હોવાના કારણે જરૂરી તબીબી સંભાળ પૂરી પાડતા પહેલાં ઇનકાર નહી કરે, મુલતવી નહી રાખે અથવા ચુકવણી કરવા નહી કહે.

D. જો દર્દી નાણાકીય સહાયતા માટે લાયક સાબિત થાય તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) દર્દીની સ્વ-ચૂકવણીની રકમમાં વળતર આપશે અથવા વીમો ચૂકવાઈ ગયા બાદ વીમા બાદના બેલેન્સની રકમમાં કાપ મૂકી આપશે. (જુઓ નાણાકીય સહાયતા ડિસ્કાઉન્ટ નીતિ.)

E. જો દર્દીને નાણાકીય સહાય માટે લાયક તરીકે મૂલ્યાંકન કરેલ અનુમાનિત હોય તો અને સૌથી ઉદાર ડિસ્કાઉન્ટ કરતાં ઓછા માટે લાયક છે તેમ નક્કી કરવામાં આવ્યા હોય તો વસૂલીની કાર્યવાહીમાં સૌથી ઉદાર ડિસ્કાઉન્ટ માટે ફેર મૂલ્યાંકન માટે દર્દી કોઈપણ સમયે નાણાકીય સહાય અરજી પૂર્ણ કરી શકે છે.

F. હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) પોતાની સામાન્ય બિલિંગ પ્રક્રિયા મારફતે કોઇપણ સ્વ-ચૂકવણીની બાકી રકમો અને/અથવા વીમા બાદના બેલેન્સની રકમો માટે દર્દીઓને બિલ આપશે જેમાં ઓછામાં ઓછા 120 દિવસોના સમયગાળામાં ઓછામાં ઓછા ચાર સ્ટેટમેન્ટનો સમાવેશ થાય છે.

G. હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટ સાથે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની નાણાકીય સહાયતા નીતિના સરળ ભાષામાં સારની નકલ જોડશે.

## IV. વસૂલીની વિધિઓ

A. દર્દીનું પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટ જારી કરવામાં આવે ત્યારબાદ પ્રથમ 120 દિવસો દરમિયાન હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) કોઇ ખાતાનું કામ ત્રાહિત વસૂલી એજંસીને સોંપશે નહીં.

B. જેઓ પોતાનું બેલેન્સ પૂરેપૂરું ચૂકવી શકે તેમ ન હોય તેવા દર્દીઓ માટે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) વ્યાજ કે દંડ વિના 18 મહિના સુધી ચૂકવણી લંબાવવાના વિકલ્પો આપે છે. (જુઓ લંબાવેલી ચૂકવણીના વિકલ્પની નીતિ).

C. જો પ્રથમ બિલિંગ સ્ટેટમેન્ટથી 120 દિવસો બાદ દર્દી તરફથી કોઇ સકારાત્મક પ્રતિસાદ ન મળે તો હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) ન ચૂકવાયેલા બેલેન્સને ખરાબ ઋણ ગણી લેશે. ખરાબ ઋણ જાહેર કરાયેલા ખાતાંઓ માટે

વસૂલીના વધારાના પ્રયત્નો કરવા માટે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) ત્રાહિત વસૂલી એજંસીઓને કામે લગાડશે.

D. ખરાબ ઋણના વર્ગીકરણ અથવા ખરાબ ઋણના ખાતાઓની ત્રાહિત વસૂલી એજંસીને ભલામણ કરવામાં આવી હોવા છતાં દર્દી કોઇપણ સમયે નાણાકીય સહાયતા માટે અરજી કરી શકે છે.
E. હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) જેમને ખરાબ ઋણ અંગેના કામ સોંપે તેવી માન્ય ત્રાહિત વસૂલી એજંસીઓ સાથે લેખિત કરાર કરશે. કરાર ત્રાહિત વસૂલી એજંસીને ખરાબ ઋણની વસૂલી બાબતે હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)ની નીતિઓનું પાલન કરવા માટે અને નાણાકીય સહાયતા તથા લંબાવેલી ચૂકવણીના વિકલ્પો પૂરા પાડવાના સંદર્ભે સમાન વિધિઓ અમલી બનાવવા માટે બંધનકર્તા બનાવે છે.
F. ત્રાહિત વસૂલી એજંસી ફોન કૉલ્સ, ઈમેઈલ, વસૂલીના પત્રો અને હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) દ્વારા માન્ય હોય તેમજ લાગુ પડતા કાયદાને અનુરૂપ હોય તેવી અન્ય સ્વીકાર્ય પદ્ધતિઓ દ્વારા ખરાબ ઋણની વસૂલી કરશે.
G. તમામ ત્રાહિત વસૂલી એજંસીઓ વસૂલીની અસામાન્ય ઘટનાઓમાં સામેલ થઈ શકશે નહીં (દા.ત. ક્રેડિટ બ્યુરોને જાણ કરવી, અંગત કે વાસ્તવિક સંપત્તિ સામે જજમેન્ટ કે લીઅન જારી કરવું, વેતનનો ઋણાનુબંધ).

V. નીતિ ઉપલબ્ધતા

A. વેબસાઈટ – હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) પોતાની વેબસાઈટ http://HoustonMethodist.org/Billing દ્વારા આ નીતિ ઉપલબ્ધ બનાવશે. વેબસાઈટમાં એવી અગત્યની લિંકનો પણ સમાવેશ થશે જેનાથી વાચકો આ નીતિની પીડીએફ (PDF) ફાઈલ વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકે.
B. પેપર કૉપી - હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) આ નીતિની કાગળ પરની નકલો વિનંતી કરવા પર દર્દી નોંધણી વિસ્તારો, કેન્દ્રિય બિલિંગ કાર્યાલય અને ઈમર્જન્સી વિભાગોમાં વિના મૂલ્યે ટપાલ અને ઈમેઈલ એમ બંને રીતે ઉપલબ્ધ કરાવી આપશે.

C. અંગ્રેજી અને અન્ય ભાષાઓ - હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist) આ નીતિ અંગ્રેજીમાં તથા તે જ્યાં સેવા આપે છે તેવી વિવિધ વસ્તીઓની અલગ અલગ માતૃભાષાઓમાં ઉપલબ્ધ કરાવી આપશે.

D. સંપર્ક માટે માહિતી -

હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)
કેન્દ્રિય વ્યાપારી કાર્યાલય (Centralized Business Office)
Attn: સ્વ-ચૂકવણી એકમ
701 એસ ફ્રાય રોડ
કેટી TX 77450
ફોન: 832-667-5900 (લોકલ) અથવા 877-493-3228 (ટૉલ ફ્રી)

VI. સત્તાવાર સંદર્ભો

1. દર્દી રક્ષણ અને કિફાયતી સંભાળ કાનૂન 2010;
2. ઈન્ટર્નલ રેવન્યુ કોડ સેક્શન 501r;
3. નાણાકીય સહાયતા ડિસ્કાઉન્ટ નીતિ (FI49); અને
4. લંબાવેલી ચૂકવણીના વિકલ્પની નીતિ (FI86).

રેવન્યુ સાયકલ કાઉન્સિલ દ્વારા ભલામણ કરવામાં આવેલ
CFO કાઉન્સિલ દ્વારા માન્ય
હ્યુસ્ટન મેથડિસ્ટ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર
મુખ્ય વહીવટી અધિકારી દ્વારા અધિકૃત:

(ફાઈલ પર મૂળ સહી કરી)

__________________________ _____________

એમ. બૂમ (M. Boom) તારીખ
પ્રમુખ
મુખ્ય કાર્યકારી અધિકારી
હ્યુસ્ટન મેથડિસ્ટ (Houston Methodist)